## અમદાવાદ (ગ્રામ્ય) ના ચોથા એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમા, મુ.મીરઝાપુર, અમદાવાદ

---

ફોજદારી કેસ નં. 8464–2020

આંકઃ ૧૭

ફરીયાદી : શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપીઓ :
૧. મુહમ્મદ આકીબ યાસીનભાઈ અરબ
૨. યુસુફભાઈ અબ્દુલકાદર શેખ
૩. અબ્દુલઅજીજ નુરમીંયા શેખ
૪. મુહમ્મદનાજીદ ઈસ્માઈલભાઈ શેખ
૫. મુહમ્મદ ઈનાયત મુહમ્મદહુસેન શેખ
૬. ઉંમર મુહમ્મદભાઈ સૈયદ
૭. જાવેદભાઈ અહેમદભાઈ શેખ
૯. મુહમ્મદ અતીક અબુબકર કાગદી
૧૦. વજુદ્દીન મુહમ્મદ મિંયા મસાણી
૧૧. મુહમ્મદનાસીર મુહમ્મદહુસેન શેખ

**<u>ગુન્હોઃ જુગાર ધારા ની કલમ–12 મુજબ</u>**

## :: ચુકાદો ::

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, **<u>તા.૦૧/૧૨/૨૦૧૯ ના રોજ કલાક ૦૩:૧૫ વાગ્યે જુહાપુરા જન્નતુલ સોસાયટીના મકાન નં.ઈ/૨ ની આગળ</u>** આરોપીએ ગુન્હો કરેલ હોય, આરોપી વિરુધ્ધ ગુન્હાની ફરીયાદ નોંધી, તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં જુગારધારાની કલમ–**૧૨** મુજબ ગુન્હા અંગેનુ ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી, ત્યારબાદ સદર ગુન્હા સબંધેની આરોપીની પ્લી **આંક–૫ થી આંક–૧૪ સુધી** નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરસીસ **આંક–૧૬** થી આપેલ છે. જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. તેમજ આરોપીઓએ **આંક–૧૫** થી મુદ્દામાલ રોકડ રકમ મેળવવા માંગતા નથી કે ભવિષ્યમાં પણ મેળવવા માંગતા નહી હોવાની નો–કલેઈમ પુરસીસ રજુ કરેલ છે. આરોપીએ ગુન્હાની કબુલાત કોઈ પણ જાતના દબાણ વગર, સ્વેચ્છાએ કરેલ છે. તેની ખાતરી કરવામાં આવ્યા બાદ આરોપીની ગુન્હાની કબુલાત

નોંધી આ કામે રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે અને આરોપીને જુગારધારાની **કલમ–12** મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તક્ષિરવાન ઠરાવવામાં આવે છે. આરોપીએ ગુન્હાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ છે અને લેખીત તેમજ મૌખિક રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ માણસ છે, પ્રથમ વખત ભૂલ થયેલ છે, કુટુંબ કબીલાવાળા માણસ છે, કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે, ગુન્હો કરવા બદલ પસ્તાવો વ્યક્ત કરેલ છે તેમજ ફરી વખત આવો ગુન્હો નહિ કરવાની ખાતરી આપેલ છે. આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી એવું કોઈ રેકર્ડ રજૂ થયેલ નથી કે આરોપીએ અગાઉ ગુન્હો કરેલ હોય, જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે તેમજ કુટુંબની જવાબદારી તથા આરોપીએ કરેલ પશ્ચાતાપને ધ્યાને લેતા તેમજ આરોપીએ આવા પ્રકારનો ગુન્હો નહિં કરવાની ખાતરી આપતા હોવાથી આરોપીને સુધરવાની તક આપવી જોઇએ. આવા સંજોગોમાં આરોપીની સામેનું તહોમત તેમજ ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઇ તેમજ આરોપીની રજુઆત ધ્યાને લીતા, આરોપીની વિરૂધ્ધ આ પ્રથમ પ્રકારનો હોય, ન્યાયનાં હીતમાં, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૨૫૨ અન્વયે જુગાર ધારાની **કલમ–12** મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી **પ્રત્યેક આરોપીને રૂ.૧૦૦/– (રૂપીયા સો પુરા) એમ કુલ દસ આરોપીના કુલ રૂપીયા ૧૦૦૦/– (એક હજાર રૂપીયા પુરા)**નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો, તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

મુદૃામાલ રોકડ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે અને બાકીનો મુદૃામાલ અપીલ સમય બાદ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

જો કોઈ વચગાળાનો મુદૃામાલ અંગેનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના જામીન ખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ–૧૦, માહે–જુલાઈ, સને–૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(બી.આર.વાઘેલા)
ચોથા અધિક ચીફ જ્યુડી.મેજી.
અમદાવાદ(ગ્રામ્ય)મિરઝાપુર
UIC NO GJ 00993

સ્થળ : અમદાવાદ
તા.૧૦/૦૭/૨૦૨૧